સત્યમેવ જયતે

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૪ | ૧૦ | ૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | ૦૪ | ૧૦ | ૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૧૮ | ૦૬ | ૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૮ | ૧૪ |

**મે. ત્રીજા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં નવસારી, મુ. વાંસદા–કેમ્પ.**

**દીવાની પરચુરણ (ડિલે) અરજી નં. ૧૪૦/૨૦૨૨**
**આંક :**

અરજદાર : – દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.
પેટા વિભાગીય કચેરી પિપલખેડ

**વિરૂધ્ધ**

સામાવાળા : – અશોકભાઈ જેશાભાઈ પટેલ
ઉ.આ.વ. પુખ્ત, ધંધો–ખેતી,
રહે. વાઘાબારી, હે. ઉતારા ફળિયું,
તા. વાંસદા, જી. નવસારી.

**લિમીટેશન એકટની કલમ–૫ મુજબ વિલંબ માફ કરવા બાબત.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.બી. પટેલ.**

**સામાવાળા તર્ફે વિ.શ્રી કોઈ નહી.**

(૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર ધ્વારા નામ.

પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની (વાંસદા–કેમ્પ) કોર્ટમાં રે.દી.મુ. નં. ૩૬/૨૦૦૮ થી દાવો દાખલ કરેલ હતો, અને સદર દાવો નામ. ટ્રાયલ કોર્ટે તા. ૩૦–૦૯–૨૦૧૦ ના રોજના હુકમ અને હુકમનામા મુજબ હાલના પ્રતિવાદી પાસેથી રૂા. ૧૮,૬૨૮–૦૦/– દાવા તારીખથી વસૂલ આપતા સુધી ૯% ના તથા ખર્ચ સહિત વસૂલ લેવા હુકમનામું વાદીની તરફેણમાં કરવમાં આવેલ હતું. જે સામાવાળા ન ચૂકવતા નવસારીના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં રેગ્યુલર દરખાસ્ત દાખલ કરેલી હતી. ત્યારબાદ, આ દરખાસ્ત વાંસદા ખાતે ટ્રાન્સફર થઈ આવેલ અને જેમાં તા. ૨૧–૨–૨૦૧૮ ના રોજ નામ. એડિશનલ ડિસ્ટ્રીકટ જજનાઓએ ''અરજદારે ઘણા વખતથી પગલા ભરેલ ન હોય, દરખાસ્ત અરજી રદ્દ કરવામાં આવે છે. અરજદાર રિસ્ટોરની અરજી કરશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે.'' તેવો હુકમ કરેલ અને દરખાસ્ત કાઢી નાંખવામાં આવેલ. ઉપરોકત દરખાસ્ત કાઢી નાંખવાના હુકમ સામે ફરી દરખાસ્ત રિસ્ટોર કરવા ૧૨૯૧ દિવસનો વિલંબ થયેલ છે. જે વિલંબ માફ કરી, ડિલે અરજી મંજૂર કરવા હાલની અરજી ગુજારેલ છે.

(૨) અરજદારના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ.

(૩) અરજદાર તર્ફે વિધ્વાન વકીલશ્રીની દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધુ. આ કામે અરજદારે દરખાસ્ત રિસ્ટોર કરવા માટે જે ૧૨૯૧ દિવસનો વિલંબ બતાવેલ છે તે થવાનું કારણ જોવામાં આવે તો અને હાલના અરજદારના સંજોગો ધ્યાને લેતા નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **SPECIAL CIVIL APPLICATION NO. 22702 OF 2017, Jashbhai Bhailalbhai Patel & 1 Others Versus Babubhai Savjibhai Bajariya Reported in 2022(0) AIJEL-HC 243883** ના ચુકાદામાં ઠરાવેલ છે કે :–

> ***"Condonation of delay - suit dismissed for want of prosecution - in a delay application, sufficient cause is the***

***paramount condideration and if sufficient cause is shown, Court should generally condone the delay - every cas should be decided on merits rather than on mere technicalities."***

આમ, ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ ડિલે કોન્ડોન કરવા માટે ન્યાયિક અને જરૂરિયાત જણાય છે. પરંતુ સદર અરજીના સંજોગો ધ્યાને લેતા સદર રિકવરીની રકમ જાહેર સંસ્થાનું નાણું હોય અને સદર વિલંબ દક્ષિણ ગુજરાત વીજકંપની લી. પેટા વિભાગીય કચેરી–પીપલખેડના જે તે વખતના જવાબદાર અધિકારી/કર્મચારીની બેદરકારીના કારણે થયેલ તેવી હકીકત સ્થષ્ટપણે જણાઈ આવે છે. ત્યારે નામ. સર્વોચ્ચ અદાલતે ***Civil Appeal No. 5203 of 2025 Sashi Devi Jalan Versus Ratanlal Agarwalla & Anr. AND Civil Appeal No. 4304 of 2025 Inder Singh Versus State Of Madhya Pradesh*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા હાલના કામે દાખલ થયેલ અપીલનો ન્યાયિક નિર્ણય થાય તે હેતુ માટે ધ્યાને લઈ ન્યાયિક કારણો મુજબ નિર્ણિત થાય અને ક્ષતીઓ, ભૂલોના આધારે હાલનું ન્યાયિક કામ નિર્ણિત ન થાય તેવું ન્યાયિક હેતું અનુસાર હાલની અરજી મંજૂર કરવી ન્યાયી જણાય છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) અરજદારોની હાલની ડીલે કોન્ડોન અરજી ''**મંજૂર**'' કરવાનો હુકમ કરવામાં આવે છે, અને અરજદારને દરખાસ્ત રિસ્ટોર દાખલ કરવામાં ૧૨૯૧ દિવસનો જે વિલંબ થયેલ છે તે **રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ડિસ્ટ્રીકટ લિગલ સર્વિસ ઓથોરીટી નવસારીમાં દિન–૬૦ માં ભર્યેથી** માફ કરવામાં આવે છે.

(૨) આ કામે અરજદાર દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. પેટા વિભાગીય કચેરી પિપલખેડ નાઓએ વિલંબ માફ અંગેનો જે હુકમ થયેલ છે તે પેટેની રકમ જે તે સમયના સબંધિત અધિકારી/કર્મચારી પાસેથી વસૂલ મેળવી શકશે અને તે અંગેની જાણ

અત્રેની કોર્ટને કરવી.

(૩) ઉપરોકત રકમ ભર્યાની જાણ અત્રેની અદાલતને કરવી અને ત્યારબાદ જ રિસ્ટોરેશન અરજી રજિસ્ટરે લઈ નંબર પાડવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૮મી, માહે–જૂન, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

વાંસદા.
તા. ૧૮–૦૬–૨૦૨૫

**(ડો. પી.એ. પરમાર)**
ત્રીજા એડિશનલ સેશન્સ જજ
નવસારી, મુ.વાંસદા–કેમ્પ.
**(જજ કોડ નં.જીજે૦૦૭૫૨)**